## સુરતના ચોથા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં.

<u>ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૩૩/૨૦૨૬.</u>
આંક–......

અરજદાર/આરોપીઃ રમેશ રાધેશ્યામ જખોટીયા
ઉં.આ. ૬૨ વર્ષ, ધંધોઃ વેપાર,
રહેવાસી–નંદનવન કોમ્પલેક્ષ,
આનંદમહલ રોડ,અડાજણ, સુરત.

**– વિરુદ્ધ –**

સામાવાળાઃ શ્રી સરકાર.

***<u>બાબતઃ</u>– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવાની અરજી.***

હાજર રહ્યા–
અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી એ.બી.મીરઝા.
સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી ટી. એ. પંચોલી.

## – JUDGMENT –

૧. હાલના કામના અરજદાર/આરોપીની અરજીની ટુંકમાં વિગત એવી છે કે, રાંદેર પો.સ્ટે.માં તેઓની વિરૂધ્ધ ગુ.ર.નં.૧૧૨૧૦૦૫૦૨૬૦૦૬૦ /૨૦૨૬ થી બી. એન. એસ. ની કલમ ૩૧૬(૫), ૩૧૮(૪), ૫૪ મુજબની ફરીયાદ નોંધાયેલ છે. જેમાં તેઓ અરજદાર/આરોપીનું નામ જણાવેલ છે અને તે કામે રાંદેર પોલીસ તેઓ અરજદાર/આરોપીની અટક કરે તેવી દહેશત અને ભય છે તેથી તેઓએ હાલની આગોતરા જામીનનો હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે.

૨. આ કામે સામાવાળાને નોટિસ કરતા સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી હાજર થયેલ છે અને સદર કામે એચ. એન. પરમાર, પી.એસ. આઇ., રાંદેર પોલીસ સ્ટેશનનાએ આંક–૫ થી એફીડેવીટ રજુ કરેલ છે.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ તેમની અરજી મુજબની રજૂઆત કરી વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી નિદોર્ષ છે અને કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. ફરીયાદનો સમયગાળો ફરીયાદમાં

સને–૨૦૧૩ થી આજદિન સુધીનો દર્શાવેલ છે અને તેની ફરીયાદ તા.૧૮/૦૧/૨૬ ના રોજ દર્શાવવામાં આવેલ છે અને ફરીયાદી મોડી કરવા અંગેના કોઇ કારણો ફરીયાદમાં જણાવેલ નથી.

તેઓએ વધુમાં એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદીની ફરીયાદ હકીકત વંચાણે લેતાં પણ અરજદારે ફરીયાદીને લલચાવ્યા, ફોસલાવ્યા હોય કે તેમની સમક્ષ કોઇ ખોટી રજુઆત કરેલ હોય તેવુ જણાય આવતુ નથી.

તેઓએ વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, સદર કામના સહઆરોપીને અત્રેની અદાલતે આગોતરા જામીન મુકત કરેલ છે જેથી સમન્યાયના સિધ્ધાંતનો લાભ અરજદાર/આરોપીને આપવા અરજ કરેલ છે.

તેઓએ વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદ હકીકત જોતાં વધુમાં વધુ ૧૦ દશ વર્ષની સજાની જોગવાઇ છે પરંતુ ફરીયાદીએ ખોટી રીતે ખોટી હકીકત જાહેર કરી પોલીસને ગેરમાર્ગે દોરી ગુનાની ગંભીરતા વધરાવા બી.એન.એસ.ની કલમ–૩૧૬(૫) લગાવડાવેલ છે. વધુમાં એન.આઇ.એકટ માં કયાંય અરજદારને દલાલ તરીકે દર્શાવેલ નથી અને હાલની ફરીયાદમાં દલાલ/ વહીવટદાર તરીકે દર્શાવેલ છે.

તેઓએ વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, સદર કેસ દસ્તાવેજી પુરાવા આધારીત કેસ છે અને તમામ અસલ દસ્તાવેજ ફરીયાદીના કબજામાં છે જેથી અરજદાર પાસેથી રીકવરી કે ડીસ્કવરી કરવાનો કોઇ પ્રશ્ન નથી કે કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની પણ કોઇ જરૂરીયાત નથી.

તેઓએ વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર સુરતના સ્થાનીક રહીશ છે અને તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી ગુનાના કામે પોલીસ જયારે અને જયાં બોલાવે ત્યારે તેમને સંપુર્ણ સાથ સહકાર આપશે. તેમજ નામદાર કોર્ટ

જામીન મુકત કરતી વખતે જે કોઇ શરતો ફરમાવશે તેનું પણ પાલન કરવા તેઓ તૈયાર છે તેમ જણાવી તેઓની આગોતરા જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

અરજદારના વિ.વ.શ્રીએ તેમની અરજીનાં સમર્થનમાં (૧) ગુરૂબક્ષસિંહ સીબીયા, સિધ્ધરામ સતલીંગપ્પા મંહત્રે તથા સંદિપ જૈન વિ. નેશનલ કેપીટલ ટેરેટરી ઓફ દિલ્હી તથા અરનેશકુમાર તથા આસીમ નિરંજન ચક્રવતી તથા ડો.રીની ઝહોર વિ. મધ્યપ્રદેશ વિગેરે ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લઇ અરજદાર/ આરોપીના આગોતરા જામીન મંજુર કરવા અરજ કરેલ છે.

૩.૧ અરજદાર/આરોપી તરફે આંક–૩ ના લીસ્ટથી, સદરહુ ગુનાની ફરીયાદ, ક્રિમીનલ મીસ. આગોતરા જા.નં.૪૫૬/૨૦૨૬ ના હુકમની નકલ તથા અરજદારના આધારકાર્ડ નકલો રજુ કરેલ છે.

૪. સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજીનો વિરોધ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ અન્ય આરોપી સાથે મળી ફરીયાદીનો સંપર્ક કરી પોતાની ઓળખ દલાલ તરીકે આપી પોતે રાંદેર રેવન્યુ સર્વે નં.૩૦૯ વાળી જમીનના વહીવટદાર અને જમીન વપરાશ કરતા હોવાનું અને તે જમીન પાળા યોજનામાં સંપાદન થયેલાનું અને તે જમીનને સંપાદન મુકત કરવાની કાર્યવાહી ચાલુ હોવાની ખોટી હકીકતો ફરીયાદીને જણાવી હાલના આરોપીએ તથા અન્ય આરોપીએ કુલ રૂા.૨૫,૦૦,૦૦૦/– ફરીયાદીના એકવા મરીન એકસપોર્ટના યશ બેંકના એકાઉન્ટના ચેકથી મેળવી લીધેલ તેમજ રૂા.૫૦,૦૦૦/– ગુગલ પેથી ચુકવી આપેલ અને બાકીના કુલ તેર ચેક રીટર્ન થતા ફરીયાદીએ ફરીયાદ કરેલ અને તે કામે હાલના આરોપીએ રૂા.૬,૦૦,૦૦૦/– ટુકડે ટુકડે ચુકવી આપેલ અને બાકીના રૂા.૧૮,૫૦,૦૦૦/– પરત કરેલ નહિં કે જમીન સંપાદન મુકત કરેલ નહિં અને દલાલ તરીકેની ખોટી ઓળખ આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી ગુનો કરેલ છે.

તેઓએ વધુમાં એવુ પણ જણાવેલ છે કે, સદર ગુનાની તપાસ ચાલુ છે જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાાં આવશે તો ફરીયાદીને ધાકધમકી આપી અથવા પ્રલોભન આપી ફેરવી નાંખે તેમ હોય અને ફરીયાદપક્ષના કેસને નુકસાન થાય તેમ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, તપાસની હકીકતો જોતાં અરજદાર/આરોપીઓ સામે મહત્વનો અને સબળ પુરાવો છે જેથી અરજદાર/આરોપીઓને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરીથી પાછા આવા પ્રકારના ગુના આચરે તેવી શકયતાઓ રહેલી છે જે તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/ આરોપીઓની આગોતરા જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૫. બંને પક્ષકારોની રજુઆતો, રેકર્ડ વંચાણે લેતાં, અરજદાર/આરોપી સામે રાંદેર પો.સ્ટે.માં તેઓની વિરૂધ્ધ ગુ.ર.નં.૧૧૨૧૦૦૫૦૨૬૦૦ ૬૦/૨૦૨૬ થી બી. એન. એસ. ની કલમ ૩૧૬(૫), ૩૧૮(૪), ૫૪ મુજબની ફરીયાદ નોંધાયેલ છે. હાલના આરોપી સામે તપાસ કરતા અમલદારે તેમના આંક–૫ ના સોગંદનામામાં હાલના આરોપીઓએ જમીન સંપાદન કરી આપવા માટેની કાર્યવાહી માટે રૂા.૨૫,૦૦,૦૦૦/– લીધેલા છે અને તેમાંથી રૂા.૧૮,૫૦,૦૦૦/– નહિં પરત કરતા તેઓએ વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદ કરેલ છે.

આ કામે હાલના ફરીયાદીની ફરીયાદમાં બનાવનો સમય જોતાં તે સને–૨૦૧૩ થી આજદિન સુધી બતાવેલ છે અને પોલીસ મથકે માહિતી મળ્યાની એટલે કે ફરીયાદ કર્યાની તા.૧૮/૧/૨૦૨૬ બતાવેલ છે તે જોતાં સદર ફરીયાદ તેર વર્ષ બાદ દાખલ થયેલાનું જણાય આવે છે.

આમ, હાલના ગુનામાં બી.એન.એસ.એસ.ની જોગવાઇ પ્રથમ દર્શનીય રીતે આકર્ષાતી નથી.

વધુમાં ત.ક.અ.એ રજુ કરેલ એફીડેવીટ વંચાણે લેતાં એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે તેમજ ફરીયાદ વંચાણે લેતાં સમજુતી કરાર થયેલાનું તેમજ સમાધાન થયેલાનું પણ જણાય આવે છે. ફરીયાદીએ જમીન સંપાદન માટેની કાર્યવાહી માટે પુછતા ગોળગોળ જવાબ આપતા હાલના આરોપી વિરૂધ્ધ અરજી આપતા તેઓએ સમાધાન કરી લીધેલ છે અને તેમજે તે સહઆરોપીએ સમાધાન પેટે રૂા.૧૨,૦૦,૦૦૦/-ના ચેક આપેલા અને રૂા.૫૦,૦૦૦/- ચુકવી આપેલા છે. ત્યારબાદ રીટર્ન થયેલ ચેકો પેટે રૂા.૬,૦૦,૦૦૦/- ટુકડે ટુકડે પરત કરેલ છે અને ત.ક.અ.ના સોગંદનામામાં પણ સહઆરોપી સામે ચેક રીટર્ન બાબતની ફરીયાદનો કેસ ફોજદારી કેસ નં.૧૪૫૨૭૯/૨૦૨૫ ચાલુ હોવાનું જણાવેલ છે. આમ, સદર ફરીયાદીની ફરીયાદ માત્ર નાણાં મેળવવા માટે કરેલ હોવાની હકીકત પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે.

વધુમાં આ કામે હાલના અરજદાર/આરોપી ૬૨ વર્ષની વયના હોવાનું અને વેપાર કરતા હોવાનું જણાવેલ છે. તેમજ તેઓ સુરતના સ્થાનીક રહેવાસી હોવાનું જણાવેલ છે જેથી નાસી ભાગી જાય તેવી શકયતા હોવાનું કે હાલના ગુનાના કામે મહત્વની કોઇ તપાસ કરવાની હોય તેવુ ત.ક.અ.એ જણાવેલ નથી અને તેઓએ તેમના સોગંદનામામાં આરોપી ફરીયાદીને ધાક ધમકી આપી, પ્રલોભન આપી ફરીયાદપક્ષના કેસને નુકસાન કરે તેવા કારણો જણાવેલ છે.

વધુમાં, તપાસકર્તા અમલદારે તેમની એફીડેવીટના કોલમ નં.૩૩ માં રાંદેર પો.સ્ટે.આવક અરજીમાં તપાસ ચાલુ હોવાનું જણાવેલ છે જેથી અરજદાર/ આરોપી સામે હાલના તબકકે કોઇ ગુનાહિત ઈતિહાસ હોય તેવુ જણાય આવતુ નથી.

વધુમાં, આ કામના અન્ય આરોપીને ફોજદારી પ.અ.નં.૪૫૬ /૨૦૨૬ (આગોતરા) થી આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. જે બંને આરોપીઓનો રોલ એક સમાન ફરીયાદીએ

જણાવેલ હોય સમન્યાય સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર જણાય આવે છે.

સદર ફરીયાદીની ફરીયાદ તથા પોલીસ પેપર્સ જોતાં આ કામે હાલના આરોપીની ઇન્ટ્રોગેશન અર્થે જરૂરીયાત હોય તેવી વિગતો જણાતી આવતી નથી. આથી, અરજદાર/આરોપીની વિ.વ.શ્રીની દલીલો ગ્રાહ્ય રાખવા યોગ્ય જણાય છે. આમ, સમગ્ર વિગતો જોતાં હાલના કામે પ્રથમ દર્શનીય રીતે હાલના અરજદાર/ આરોપીનો હાલના ગુનામાં કોઇ સક્રિય રોલ હોય તેવી કોઇ હકીકત જણાય આવતી નથી. જે સંજોગોમાં અરજદાર/ આરોપી સામે નોંધાયેલ ગુનાની સજાકીય જોગવાઇ તથા હાલના અરજદાર/આરોપી સુરત જિલ્લાના રહેવાસી હોવાની હકીકત તેમજ ગુનામાં અરજદાર/ આરોપીનો રોલ ધ્યાને લેતાં અરજદાર/આરોપીને હાલના તબક્કે જામીન ઉપર મુક્ત કરવાનું ન્યાયોચિત જણાય આવે છે.

જયારે વિ.પી.પી. શ્રી દ્વારા કરવામાં આવેલ રજૂઆત મુજબ આરોપીને જામીન ઉપર છોડવામાં આવે તો કેસને નુકશાન કરશે. તેમજ ટ્રાયલ દરમયાન આરોપી હાજર નહિં રહે તેમ તપાસ કર્તા અમલદારે જણાવેલ છે. આમ, વિ.પી.પી.શ્રી દ્વારા વ્યકત કરવામાં આવેલ દહેશત જામીનની કડક શરતો મૂકીને નિવારી શકાય છે.

આમ, હાલના આરોપીની જામીન અરજી તથા સલંગ્ન પેપર્સની પ્રથમ દર્શનીય વિગતો અને અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની દલીલ જોતાં, નામદાર સર્વોચ્ચ તથા નામદાર વડી અદાલતના માર્ગદર્શક ચુકાદાઓમાં જામીન અંગેના પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંત તેમજ, નામદાર સુપ્રિમ કોર્ટે **Siddharam Satlingappa Mhetre vs. State of Maharashtra and Ors. reported in (2011) 1 SCC 6941**, ના માર્ગદર્શક ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં તથા જામીન ઉપર મુકત કરતી વખતે નામદાર અદાલતે કેસના ગુણદોષ ઉપર નહિ ઉતરીને માત્ર કેસની ગંભીરતા, આરોપીએ ગુનામાં

ભજવેલો રોલ તથા સજા અંગેની જોગવાઇ ધ્યાને લેવી જોઇએ તેમજ પ્રર્વતમાન સંજોગો ધ્યાને લેતાં સદર કેસની કાર્યવાહી ચાલીને પૂર્ણ થવામાં સમય જાય તેમ છે. આથી, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતાં અરજદાર/આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન ઉપર મુકત કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતું હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આથી, આ ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૩૩/૨૦૨૬ **મંજૂર** કરવામાં આવે છે.

રાંદેર પો.સ્ટે.માં તેઓની વિરૂધ્ધ ગુ.ર.નં.૧૧૨૧૦૦૫૦૨૬ ००૬૦/ ૨૦૨૬ થી બી. એન. એસ. ની કલમ ૩૧૬(૫), ૩૧૮(૪), ૫૪ મુજબના ગુનાના કામે તપાસ કર્તા અમલદારને જયારે ધરપકડ કરવાનો પ્રંસગ બને ત્યારે હાલના અરજદાર/આરોપીએ **રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધિત પો.સ્ટે.માં રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**<u>શરતો–</u>**

૧. અરજદાર/આરોપીએ તા.૧7–૦૩–૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી ૦૨.૦૦ કલાક સુધીમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં તપાસ કરનાર અધિકારી સમક્ષ અચુક હાજર રહેવુ.

૨. અરજદાર/આરોપીએ સદર ગુનાનું ચાર્જશીટ સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટમાં રજૂ ન થાય ત્યાં સુધી દર અંગ્રેજી માસની ૦૧લી તારીખે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ વાગ્યા દરમ્યાન તપાસ કર્તા અમલદાર સમક્ષ અચૂક હાજર રહેવું.

૩. અરજદાર/આરોપીએ આજ કે આવા કોઈપણ પ્રકારના ગુન્હામાં પોતાની જાતની સંડોવણી થાય તેવું કૃત્ય કરાવવું નહીં.

૪. અરજદાર/આરોપીએ સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

૫. અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના સાહેદોને લોભ, લાલચ, પ્રલોભન, ધાક–ધમકી આપી ફોડવાના પ્રયત્નો કરવા નહીં કે કેસને નુકસાન થાય તેવી પ્રવૃત્તિ કરવી નહીં.

૬. અરજદાર/આરોપી પોતે જયાં રહેતાં હોય તે રહેણાંકનું હંગામી તથા કાયમી વિગતવારનું સરનામું ત. ક. અમલદારશ્રી તથા સંબંધિત પો.સ્ટે.માં આધાર પુરાવા સહિત રજૂ કરવું.

૭. અરજદાર/આરોપી માટે જામીન થનાર વ્યક્તિ બીજા કોઇ કેસમાં કોઇના પણ જામીન થયેલા હોવા જોઇએ નહિ તેમજ અરજદાર/આરોપીએ પોતે મેળવેલા જામીન ઉપરની સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહિ.

૮. અરજદાર/આરોપીએ તપાસમાં સાથ સહકાર આપવો તથા તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં તપાસ માટે બોલાવે ત્યારે હાજર રહેવું.

ઉપરોક્ત શરતો પૈકી કોઇ પણ શરતનો ભંગ થયેથી આરોપીના જામીન આપો આપ રદ્દ થયેલા ગણાશે.

ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.

હુકમ આજ તા.૧૩ મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
(UNI No.GJ00672)